૮૦૧/૯૩૨

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૧૪)**

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)** **સત્સંગ પ્રાજ્ઞ - ૨ : પ્રશ્નપત્ર - ૧**

**નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.** **(કુલ ગુણ : ૧૦૦)**

## વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્રશ્ન. ૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. દેવતાઓએ મહારાજના શા વખાણ કર્યા ? ૨. વિષય સંબંધી સુખમાં આસક્તિ ક્યારે નહિ રહે ?
૩. ભગવાનના ભક્ત કોના પ્રતાપે કરીને કોના જેવા થાય છે ? ૪. ગુણનો સંગ રહે ત્યાં સુધી શું રહે નહીં ?

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. મહારાજને કોના હાથની કરી સેવા જ ગમે છે ?
૨. પોતાના ત્યાગના ઇશકની વાત કરતાં મહારાજ શું કહે છે ?
૩. તીવ્ર શ્રદ્ધાવાનવાળાના શા લક્ષણ છે ?
૪. કયા ભક્તને ભગવાન સાથે અખંડ સંબંધ રહે છે ?

**પ્રશ્ન. ૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં)** [૩]

૧. રાજા અને રૈયતનું દૃષ્ટાંત ૨. બાહેર પંચ વિષયના રોગના ઔષધની રીત
૩. બે સેનાનું દૃષ્ટાંત

**પ્રશ્ન. ૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં)** [૪]

૧. ભગવાનને કુરાજી કરવાથી ખોટ : ભગવાનના ભક્ત પ્રહ્‌લાદજીને દુઃખ આપી દ્રોહ કરનાર હિરણ્યકશ્યપુને ભગવાને નરસિંહ અવતાર ધારણ કરી મારી નાખ્યો.
૨. મહારાજને મછિયાવનાં ફૈબા પરથી રીસ કોઈ દિવસ ઊતરી નહિ.
૩. શાસ્ત્રીજી મહારાજે શંકરાચાર્ય માધવતીર્થને સંભળાવી દીધું 'તમારા સામે અમે અને વરતાલ સંસ્થા એક જ છીએ.'
૪. પ્રમુખસ્વામીને ઝેર આપનાર સાધુનો પણ સ્વામીશ્રીને કોઈ રીતે હૈયામાં અભાવ આવ્યો જ નહિ.

**પ્રશ્ન. ૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો.** [૬]

૧. તેમ ઇન્દ્રિયો છે તેને ...... પણ અવગુણ લેવો નહિ.
૨. જે તેજને વિષે મૂર્તિ છે ...... પરમ કલ્યાણ થશે.
૩. અને ભગવાનના જે ...... ભગવાનના યશને જ સાંભળે.

## વિભાગ - ૨ : 'ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૨, ૩ તથા ૪' - નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. શ્રીજીના મુખે સ્વસ્વરૂપનું દર્શન ('કાલવાણીમાં સંતોને પરમહંસની દીક્ષા' થી 'ખોખરામાં લોલંગરના બાવાઓ યુદ્ધે ચડે છે.' સુધીના જ પ્રસંગો)
૨. અપમાન અને રાગદ્વેષના પ્રસંગોમાં શ્રીહરિની અધ્યાત્મ સ્થિતિ અને ઐશ્વર્ય ('કાલવાણીમાં સંતોને પરમહંસની દીક્ષા' થી 'ખોખરામાં લોલંગરના બાવાઓ યુદ્ધે ચડે છે.' અને 'ફરી કચ્છમાં' થી 'ભક્તવત્સલતા' સુધીના જ પ્રસંગો)
૩. ભગવાન સ્વામિનારાયણનાં સ્ત્રી હરિભક્તોની સમજણ અને સ્થિતિ ('ફરી કચ્છમાં' થી 'ધરમપુરમાં વસંતોત્સવ' સુધીના જ પ્રસંગો)

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. ગઢપુરમાં મહારાજનો પ્રૌઢ પ્રતાપ
૨. 'આજ તો ભગવાન મુમુક્ષુને ખોળે છે.' શ્રીજીના જીવનમાં ચરિતાર્થ થતી ઉક્તિ. ('ભાદરાથી બે પત્રો લખ્યા' થી 'કચ્છમાં વિચરણ અને જેતલપુરમાં યજ્ઞ' સુધીના જ પ્રસંગો)
૩. શ્રીહરિ ગરીબોના બેલી

**પ્રશ્ન. ૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો. (પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. બંસીધર સાથે શાસ્ત્રાર્થ ૨. ફરી મહારાજનાં દર્શને મહારુદ્ર
૩. બાબાજી દીવાન મૃત્યુ પામે છે. ૪. અમને તમે કેવા જાણો છો ?
૫. લાડુ કૈસે ખૂટેગા ?

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રાજ્ઞ-૨-૧"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ [ ][ ] મહિનો [ ][ ] વર્ષ [ ][ ][ ][ ]

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

પ્રશ્ન. ૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. [૮]

૧. ભાઈ આત્માનંદ સ્વામી ૨. જોબનપગી (વડતાલ)

### વિભાગ - ૩ : બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ - સંક્ષિપ્ત જીવનચરિત્ર નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર મુદ્દાસર નોંધ લખો.** [૧૨]

૧. વિદ્વેષોની આગ સામે યોગીરાજના અમી છાંટણાં ૨. યોગીજી મહારાજનો નિત્યક્રમ

૩. મોક્ષ દેવા મુમુક્ષુઓને વિચરે સાંજ-સવાર

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર પ્રસંગો લખો. (દરેકમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૬]

૧. ઝીણા ભક્તનો ગૃહત્યાગ.

૨. ગુરુચરણે અલૌકિક સંકલ્પ પ્રાર્થના.

૩. યોગીજીનું એક જ તાન : ''બનાવવા છે.''

૪. શ્રદ્ધાંજલિ સભા : અમદાવાદ.

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગ વર્ણવી મનન લખો.** [૬]

૧. 'ક્રોધ તો અમારી દુકાનમાં જ નથી.' ગોંડલમાં હરિભક્તોના ઉતારે ચા-નાસ્તો યુવકો દ્વારા પહોંચાડે.

૨. હિસાબના ચોપડા ઉપર હકાબાપુથી શાહી ઢોળાઈ

૩. મ્વાન્ઝામાં સનાતન મંદિરમાં કરડેલા મંકોડાનું કલ્યાણ કર્યું.

૪. મને તેના જીવની દયા આવે છે.

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ) (પાંત્રીસ થી ચાલીસ લીટીમાં)** [૧૫]

૧. સેવા, સમર્પણ અને અનન્ય નિષ્ઠાની પ્રેરક બંધુબેલડી : શ્રી આશાભાઈ અને ઈશ્વરભાઈ પટેલ (સ્વામિનારાયણ પ્રકાશ - સપ્ટેમ્બર ૨૦૧૩)

૨. પૂર્વ ભારતમાં સ્વામિનારાયણ શુદ્ધ ઉપાસનાની સ્વર્ણિમ ઇતિહાસ ગાથા (સ્વામિનારાયણ પ્રકાશ - માર્ચ ૨૦૧૪)

૩. વૈદિક શિક્ષણનું આચમન (સ્વામિનારાયણ પ્રકાશ - ઑકટોબર-નવેમ્બર ૨૦૦૯)

❊ ❊ ❊

સૂચના :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૬ જુલાઈ, ૨૦૧૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાનાં પાનાં જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં. અસ્પષ્ટ અને ઉકેલી ન શકાય તેવા જવાબો માન્ય ગણાશે નહિ. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. પરીક્ષાખંડમાં પરીક્ષા દરમ્યાન કોઈ પણ પરીક્ષાર્થીએ મોબાઈલ ફોન તથા ઈલેક્ટ્રોનિક સાધનો જેવાં કે ટેબ્લેટ, લેપટોપ વગેરેનો ઉપયોગ કરવો નહિ તથા પોતાની પાસે રાખવા પણ નહિ.

☞ **અગત્યની જાહેરાત** તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી **website - link** પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**